અપીલ અરજી નં.૬૭૫ તા.૯–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રમેશચંદ્ર મંગળભાઈ ઝવેરી
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)
ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(મ.શ.વિ.)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશચંદ્ર મંગળભાઈ ઝવેરીની તા. ૨૭–૧૨–૧૧ની અરજીથી ડીસ્ટ્રીકટ સુરત, સબ–ડીસ્ટ્રીકટ અને તાલુકે સુરત સીટી શહેર સુરતમાં, ગોપીપુરા–જુની અદાલત પાસેના વિસ્તારમાં આવેલ અને સીટી સર્વેના દફતરે વોર્ડ નં. ૧ નોંધ નં. ૩૩૮૬ થી નોંધાયેલ જમીન ઉપર" અનંત દર્શન એપાર્ટમેન્ટ કો.ઓ.હા.સો.લી." કે જે " ઘી ગુજરાત કો.ઓ.સો. એકટ" અન્વયે નોંધણી ક્રમાંક ધ–૬૩૮૪ તા. ૨૦–૧–૧૯૭૬થી નોંધાયેલ સોસાયટી છે તેના દ્વારા બાંધવામાં આવેલ "અનંત દર્શન"ના નામે ઓળખાતી મિલ્કત કે જે અંદાજે આશરે લગભગ વર્ષ ૧૯૭૧થી ૧૯૭૫ ના વર્ષની વચ્ચે બાંધવામાં આવેલ છે મુદ્દા નં. ૩iii (A) મજકુર મિલ્કતના બાંધકામ કરવા માટેની જરૂરી કાયદેસરની પરવાનગી તેમજ તે માટે મુકેલ સ્થપતિ દ્વારા તૈયાર કરવામાં આવેલ નકશા રજુ કરનાર અને મુકનાર બધાના નામ અને સરનામા વિ. મુદ્દા નં. ૩iii (A) થી ૩iii (F) ની માહિતી આપવા બાબત.**

**સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૩–૧૨ ની SMC/FAP/ નં.૬૭૫/૨૦૧૧–૧૨**

શ્રી રમેશચંદ્ર મંગળભાઈ ઝવેરીની તા. ૨૭–૧૨–૧૧ની અરજીથી ડીસ્ટ્રીકટ સુરત, સબ–ડીસ્ટ્રીકટ અને તાલુકે સુરત સીટી શહેર સુરતમાં, ગોપીપુરા–જુની અદાલત પાસેના વિસ્તારમાં આવેલ અને સીટી સર્વેના દફતરે વોર્ડ નં. ૧ નોંધ નં. ૩૩૮૬ થી નોંધાયેલ જમીન ઉપર" અનંત દર્શન એપાર્ટમેન્ટ કો.ઓ.હા.સો.લી." કે જે "ઘી ગુજરાત કો.ઓ.સો. એકટ" અન્વયે નોંધણી ક્રમાંક ધ–૬૩૮૪ તા. ૨૦–૧–૧૯૭૬થી નોંધાયેલ સોસાયટી છે તેના દ્વારા બાંધવામાં આવેલ " અનંત દર્શન"ના નામે ઓળખાતી મિલ્કત કે જે અંદાજે આશરે લગભગ વર્ષ ૧૯૭૧ થી ૧૯૭૫ ના વર્ષની વચ્ચે બાંધવામાં આવેલ છે મુદ્દા નં. ૩iii (A) મજકુર મિલ્કતના બાંધકામ કરવા માટેની જરૂરી કાયદેસરની પરવાનગી તેમજ તે માટે મુકેલ સ્થપતિ દ્વારા તૈયાર કરવામાં આવેલ નકશા રજુ કરનાર અને મુકનાર બધાના નામ અને સરનામા વિ. મુદ્દા નં. ૩iii (A) થી ૩iii (F) ની માહિતી આપવા બાબતે ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી(મ.શહેર વિકાસ)ના પત્ર નં. ટી.ડી.ઓ./૫૩૨ તા. ૮–૨–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૯–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબત હેઠળની મિલ્કત સંબંધી અન્ય નાગરિક સુવિધા, પાણી, ડ્રેનેજ કે આકારણી દફતર આધારે કોઈ માહિતી આપી શકાય તેમ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા સાથે ડે.કમિ.(પી.એન્ડ.ડી)ને દફતરના નાશ–નિકાલ અંગે આધાર સહ વિગતો રજૂ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૧૭ તા. ૧૭–૩–૧૨ થી જાહેર માહિતી અધિકારી મ.શહેર વિકાસ અને સેન્ટ્રલઝોન તથા અરજદારને સોસાયટી રજીસ્ટેશન એકટ હેઠળ નોંધાયેલ સંસ્થા કે ચેરીટી રજીસ્ટર્ડના દાવા અંગે બન્ને મિલ્કતો અંગે કોઈ આધાર હોય તો રજૂ કરવા તથા બન્નેમાંથી એકેયમાં તેઓ હિતધારક સદસ્ય કે ટ્રસ્ટી વિશ્વસનીય સંબંધધારક હોય તો આધાર સહ વિગત રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી–મ.શહેર વિકાસ, જાહેર માહિતી અધિકારી– સેન્ટ્રલઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા. ૭–૪–૧૨ના પૂરક પત્રથી સાર્વજનિક ટ્રસ્ટોની નોંધણી રજીસ્ટરની તા. ૬–૩–૧૨ના રોજની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૭–૧૨–૧૧ની અરજીથી ડીસ્ટ્રીકટ સુરત, સબ–ડીસ્ટ્રીકટ અને તાલુકે સુરત સીટી શહેર સુરતમાં, ગોપીપુરા–જુની અદાલત પાસેના વિસ્તારમાં આવેલ અને સીટી સર્વેના દફતરે વોર્ડ નં. ૧ નોંધ નં. ૩૩૮૬ થી નોંધાયેલ જમીન ઉપર" અનંત દર્શન એપાર્ટમેન્ટ કો.ઓ.હા.સો.લી." કે જે "ધી ગુજરાત કો.ઓ.સો. એકટ" અન્વયે નોંધણી ક્રમાંક ધ–૬૩૮૪ તા. ૨૦–૧–૧૯૭૬થી નોંધાયેલ સોસાયટી છે તેના દ્વારા બાંધવામાં આવેલ " અનંત દર્શન"ના નામે ઓળખાતી મિલ્કત કે જે અંદાજે આશરે લગભગ વર્ષ ૧૯૭૧થી ૧૯૭૫ ના વર્ષની વચ્ચે બાંધવામાં આવેલ છે મિલ્કતની બાંધકામ બાબતે મુદ્દા નં. ૩iii (A) થી ૩iii (F) સુધીની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૧૮૬૯ તા. ૩૧–૧૨–૧૧થી નિયત સમય અવધિમાં ટાઉન પ્લાનરશ્રી મ.શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. ૩iii (A) મજકુર મિલ્કતના બાંધકામ કરવા માટેની જરૂરી કાયદેસરની પરવાનગી તેમજ તે માટે મુકેલ સ્થપતિ દ્વારા કરવામાં આવેલ નકશા રજુ કરનાર અને મુકનાર બધાના નામ અને સરનામા. ૩iii (B) શું મજકુર મિલ્કતનું બાંધકામ તે વખતના કાયદા સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રર્વતમાન કાયદા કાનુન અને બાંધકામ બાબતની જરૂરી છૂટછાટ મુજબ ખરેખર કરવામાં આવેલ છે ? મંજુર કરવામાં આવેલ મકાનના નકશાની ખરી નકલ પુરી પાડવા વિનંતી. ૩iii (C) શું મજકુર મિલ્કતનું બાંધકામ સંપૂર્ણપણે સમાપ્ત–પૂરું થયેલ(Completion) બાબતનું કોઈ " પ્રમાણપત્ર" ઉપરોકત "૩iiiA" માંની વ્યકિતને પૂરું પાડેલ છે ? તેમજ કબજો કરવાની (Occupation) પ્રક્રિયા બાબતનું પ્રમાણપત્ર પૂરું પાડેલ છે ? જો હા તો મજકુર બંને પ્રમાણપત્રોની ખરી નકલ પુરી પાડવા વિનંતી. ૩iii (D) શું મજકુર " અનંત દર્શન" વાળી મિલ્કતનું બાંધકામ તે વખતના સુરત મહાનગરપાલિકાના પ્રર્વતમાન કાયદા કાનુન અને છૂટછાટ મુજબ થયેલ છે ? બીજા શબ્દોમાં સુરત મહાનગરપાલિકા દ્વારા કાયદેસરના જાહેર થયેલ સંવર્ધન–વિકાસ–ઉત્કર્ષ–ખિલવટ–ક્રમિક અભિવૃધ્ધી કે ઉત્ક્રાંતિ માટેના અંકુશ (Development Control) કાયદા મુજબનું છે ? ૩iii (E) શું મજકુર " અનંત દર્શન" વાળી મિલ્કતનું આઠ માળ સુધીનું બાંધકામ કાયદેસરનું કરવા માટે મજકુર મિલ્કતની ઉત્તર દિશાએ આવેલ (ખાનગી માલીકીના રસ્તાની) જોડાજોડ ઉત્તર દિશા તરફ આવેલ ચેરીટેબલ ટ્રસ્ટના નામે નોંધાયેલ (કે જયાં હાલમાં જૈન દેરાસરજી હયાત છે) તે મિલ્કતના વતી કોઈપણ જાતની કે પ્રકારની લેખીત બાંહેધરી–વચન કે ખા ત્રી "૩iiiA" માંની કોઈપણ વ્યકિતએ કે કોઈ અન્ય બીજી વ્યકિતએ પુરી પાડેલ છે ? જો હા તો મજકુર લેખીત પત્રની ખરી નકલ તે પુરી પાડનારના નામ સરનામા સહિત પુરી પાડવા વિનંતી. ૩iii (F) શું મજકુર " અનંત દર્શન" વાળી મિલ્કતનું બાંધકામ મજકુર જમીનના પ્લોટથી સંલગ્ન આવેલ પૂર્વ–પશ્ચિમ કે દક્ષિણ બાજુએ આવેલ મિલ્કતને ભવિષ્યમાં તેઓને બાંધકામ કરતા અડચણ કે નુકશાનકર્તા થાય તે રીતે થયેલ છે ? કે અથવા તે મિલ્કતના માલીક વતી કોઈપણ પ્રકારની બાંહેધરી કે ખાત્રી પાલિકાની પરવાનગી મેળવવા માટે આવેલ છે ? અને તે મુજબ આવેલ હોય તો તે લેખીત પત્રની નકલ પુરી પાડવા વિનંતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મ. શહેર વિકાસ તરફથી પત્ર નં. ટી.ડી.ઓ./૫૩૨ તા. ૮–૨–૧૨ થી નિયત સમય અવધિ બાદ " સદર અરજીમાં તેઓશ્રીએ વોર્ડ નં. ૧, નોધ નં. ૩૩૮૬ વાળી મિલ્કતમાં આવેલ અનંત દર્શન એપાર્ટમેન્ટ અંગેની માહિતી માંગેલ છે. જે અન્વયે જણાવવાનું કે ઉકત વિષયના સંદર્ભેનો મ.શહેર વિકાસ વિભાગનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા ઉકત મિલ્કત સંદર્ભેનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય, માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેમ નથી." તેવું જણાવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે તા. ૯–૩–૧૨ના રોજ અપીલ કરેલ છે જેના સંદર્ભે અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૧૭ તા. ૧૭–૩–૧૨થી બંને પક્ષકારો પાસેથી અપીલ બાબતે પૂરક વિગતો માંગવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદારને સોસાયટીના રજીસ્ટેશન એકટ હેઠળ નોંધાયેલ સંસ્થા કે ચેરીટી રજીસ્ટર્ડના દાવા અંગે બંને મિલ્કતો અંગે કોઈ આધાર હોય તો રજૂ કરવા તથા બન્નેમાંથી એકેયમાં તમો હિતધારક કે ટ્રસ્ટી વિશ્વસનીય સંબંધધારક હોય તો આધાર રજૂ કરવા જણાવવામાં આવેલ. જેના સંદર્ભે અરજદાર તરફથી તા. ૭–૪–૧૨ના પત્રથી પૂરક વિગતોમાં અરજદારે તા. ૫–૪–૧૨ ના રોજ રૂબરૂમાં દુરધ્વની પર થયેલી વાતચીત મુજબ માર્ગદર્શન અને દોરવણી મુજબ ચેરીટી કમિશ્નર દ્વારા પ્રમાણિત અનુસૂચિ–૧લી, નિયમ–૫ નોટરી દ્વારા પ્રમાણિત કરેલ ખરેખર અસલ નકલ મોકલું છુ. જેમાં ટ્રસ્ટીઓ અને મેનેજરોના નામ અને સરનામાની ત્રીજી કોલમમાં મારા નામની ટ્રસ્ટી તરીકે નોંધ છે. અરજદારે રજૂ કરેલ ૧૯૫૦નો મુંબઈનો સાર્વજનિક ટ્રસ્ટના અધિનિયમ અનુસૂચિ–૧લી,નિયમ–૫ સાર્વજનિક ટ્રસ્ટોના રજીસ્ટરની એ–૧૮૫૫ સુરતના અનુક્રમે નોંધાયેલ ટ્રસ્ટીઓના નામ, સરનામાની કોમલ–૩માં રમેશચંદ્ર મંગળભાઈ ઝવેરીનું નામ રજીસ્ટેશન થયેલ છે. આમ અરજદારને બાંધકામ બાબતેની રેકર્ડ ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે તો તે અંગે બાંધકામ પરમીશન આપવામાં આવતાં હોય તેવા રજીસ્ટરના નોંધણીની તપાસણી પુરી પાડવાની રહે. અન્યથા તેવા રેકર્ડના નાશ કે નિકાલ અંગેની મંજુરીની નકલ પુરી પાડવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૯–૩–૧૨ ધ્યાને લેતાં ૭–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૨–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અ ત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર

આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૭–૧૨–૧૧ની અરજીથી માંગવામાં આવેલી માહિતી દફતરે ઉપલબ્ધ ન હોવાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. જે અંગે દફતરના નાશ કે નિકાલ અંગેની મંજુરીની નકલ પુરી પાડવા અન્યથા બાંધકામ પરવાનગીની મંજુરી બાબતના રજીસ્ટરમાં નોંધણી બાબતે અરજદાર ડે.કમિ.(પી.એન્ડ.ડી) તથા ઝોનલચીફ સેન્ટ્રલઝોન બન્ને જાહેર માહિતી અધિકારીનો દિન–૭માં આગોતરો સમય મેળવી અનુક્રમે બાંધકામ મંજુરી રજીસ્ટર તથા બાબત હેઠળની મિલ્કતને અપાયેલ પાણી, ડ્રેનેજ કે રસ્તા–લાઈટ પૈકીની સુવિધાની ફાઈલો જેવા લાગત દફતરની તપાસણી આરટીઆઈ એકટની કમલ–૭(૬) હેઠળ વિના મૂલ્યે મેળવી આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે. અરજદારની તેવી માંગણી થયેથી હુકમની અમલવારી કરવા ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી મ. શહેર વિકાસ વિભાગને તથા ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે."

(સી.વાય.ભટ્ટ)
ડે.કમિશ્નર
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

(૧) પ્રતિ, ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન), ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(મ.શહેર વિકાસ)..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશચંદ્ર મંગળભાઈ ઝવેરી,